Extra No. 361

©

सत्यमेव जयते


# The Gujarat Government Gazette
## EXTRAORDINARY
## [PUBLISHED BY AUTHORITY]

**Vol. LXVI ]** **WEDNESDAY, OCTOBER 8, 2025 / ASVINA 16, 1947**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation**


# PART -I
## SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

**અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા**

**જાહેરનામુ**

**ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયેનો**

નં.પીઓએલ/૨/જાહેરનામા/એસ.આર./૧૩૩/૨૫.-આગામી તા.૦૨/૧૦/૨૦૨૫ સુધી આણંદ શહેરમાં માં શક્તિ ગૃપ ધ્વારા આયોજિત ગરબા મહોત્સવ-૨૦૨૫નું આયોજન મધુભાન રીસોર્ટની નજીક કરવામાં આવેલ છે. સદરહું રસ્તો ખુબજ ટ્રાફીકવાળો હોય તથા ગરબા મહોત્સવમાં વધુ પ્રમાણમાં ખેલૈયાઓ આવતા જતા હોય રાત્રીના સમયે ખુબજ ટ્રાફીકજામ થતો હોય, જેથી ટ્રાફિક નિયમન જળવાઈ રહે તેમજ કાયદો અને વ્યવસ્થાની સુરક્ષાની દ્રષ્ટીએ જાહેરનામુ બહાર પાડવા માટે માશક્તિ ગૃપ ધ્વારા તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ અત્રે અરજી કરતાં સદરહું બાબતે પોલીસ અધિક્ષકશ્રીનો અભિપ્રાય મેળવેલ તેઓના પત્ર નં. એલઆઈબી/ માં શક્તિ ગૃપ ગરબા/રોડ ડાયવર્ઝન/જાહેરનામુ /૧૪૧૧/૨૦૨૫, તા.૨૫/૦૯/૨૦૨૫ થી અત્રે દરખાસ્ત કરેલ છે.

વાસ્તે, હું ઋતુરાજ દેસાઈ (GAS), અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, આણંદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ નીચે જણાવેલ રૂટ ઉપર તા.૨૫/૦૯/૨૦૨૫ થી ૦૩/૧૦/૨૦૨૫ના રોજ રાત્રી ના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધી ભારે વાહનોને ડાયવર્ટ કરવા હુકમ કરુ છું.

**રૂટ નં. - ૧**

આણંદ તરફથી સોજીત્રા તરફ જતા ભારે વાહનો અમિન ઓટો ચાર રસ્તા થી એલીકોન સર્કલ તરફ જવા દેવા નહી.

**ડાયવર્ઝન રૂટ-**

અમીન ઓટો ચાર રસ્તા થી સામે જુના મોગરી રોડથી મોગરી ગાયત્રી સર્કલ થઈને યોગી સર્કલ થઈને એલીકોન સર્કલ થઈને સોજીત્રા તરફ જઈ શકાશે.

**રૂટ નં. - ૨**

સોજીત્રા તરફથી આણંદ તરફ જતા ભારે વાહનો એલીકોન સર્કલથી અમીન ઓટો ચાર રસ્તા તરફ જવા દેવા નહી.

**ડાયવર્ઝન રૂટ-**

એલીકોન સર્કલથી યોગી સર્કલ થઈને મોગરી ગાયત્રી સર્કલ થઈને જુના મોગરી રોડ થઈને અમીન ઓટો ચાર રસ્તા તરફ જઈ શકાશે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ભારે વાહનનો ટ્રાફિક વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ અધિક્ષકશ્રી, આણંદ ધ્વારા કરવાની રહેશે તેમજ રોડના ડાયવર્ઝન સૂચવતા બોર્ડ જે-તે સ્થળોએ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ અધિકારીશ્રીઓને જાહેરનામાના ભંગ બદલ ગુનો દાખલ કરવા અધિકૃત કરૂ છુ.

આજ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

**ઋતુરાજ દેસાઈ,**
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
આણંદ

---



Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:54:59 IST